મેગા બ્લોક: 30 દિવસ સુધી સુરત-બાંદ્રા ઈન્ટરસિટી ઉધનાથી દોડશે

સુરત સ્ટેશન પર છત લગાડવાનું કામ શરૂ થશે

સુરતઃ સુરત સ્ટેશનના આધુનિકીકરણની કામગીરી હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. સ્ટેશન રિ-ડેવલપમેન્ટ અંતર્ગત પ્લેટફોર્મ નંબર 02/03 અને 04 વચ્ચે 'થ્રુ રૂફ' (છત) લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ હેતુસર રેલવે તંત્ર દ્વારા 30 દિવસ માટે ટ્રાફિક વર્કિંગ ઓર્ડર (TWO) જાહેર કરવામાં આવ્યો છે, જેની સીધી અસર સુરતથી અવરજવર કરતી લાંબા અંતરની ટ્રેનો પર પડશે.

રેલવેના સત્તાવાર અહેવાલ મુજબ, આ કામગીરી 30 માર્ચ ૨૦૨૬થી શરૂ થઈને સતત 30 દિવસ સુધી ચાલશે. આ ગાળા દરમિયાન મુસાફરોની સુવિધા માટે કેટલીક ટ્રેનોને સુરત ને બદલે ઉધના સ્ટેશનથી ઓપરેટ કરવાનો નિર્ણય લેવાયો છે. નોંધનીય છે કે ટ્રેન નંબર 12936 (સુરત-બાંદ્રા ટર્મિનસ) તેના નિયમિત સમય મુજબ દોડશે, પરંતુ તેમાં ટ્રેન નંબર 12935 ના રેક નો ઉપયોગ કરવામાં આવશે. બ્લોક નો સમય પૂર્ણ થયા બાદ ખાલી રેકને ઉધના થી સુરત લાવવા માટે રેલવે દ્વારા વધારાના ક્રુ મેમ્બર્સની ફાળવણી કરવામાં આવી છે.

આ ઉપરાંત, ટ્રેન નંબર 69109 (સુરત-ભરૂચ) ના ક્રૂ મેમ્બર્સ પણ નિર્ધારિત સમય કરતા બે કલાક વહેલા સાઈન-ઓન કરીને ઉધના થી ખાલી ટ્રેન સુરત લાવવાની કામગીરી સંભાળશે.

આ ટ્રેનોનાં શિડ્યુલમાં ફેરફાર

બાંદ્રા ટર્મિનસ-સુરત (12935): ૩૦ માર્ચથી ૨૮ એપ્રિલ ૨૦૨૬ સુધી રોજ આ ટ્રેન સુરતને બદલે ઉધના સ્ટેશન પર જ અટકશે અને ત્યાંથી જ પરત થશે. **સુરત-અમરાવતી એક્સપ્રેસ (20925):** ૨ એપ્રિલથી ૨૬ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન દર ગુરુવાર, શુક્રવાર અને રવિવારે આ ટ્રેન સુરતને બદલે ઉધના સ્ટેશનથી ઉપડશે. **અમરાવતી-સુરત એક્સપ્રેસ (20926):** ૩૦ માર્ચ ૨૦૨૬ થી ૨૭ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન દર સોમવાર, શુક્રવાર અને શનિવારે આ ટ્રેન ઉધના સુધી જ દોડશે અને ઉધના-સુરત વચ્ચે રદ રહેશે.

વંદે ભારત હવે 20 કોચ સાથે દોડાવવાની જાહેરાત

કર્ણાવતી મુંબઈ સેન્ટ્રલને બાંદ્રા ટર્મિનસથી દોડશે

સુરત : અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડતી હાઈપ્રોફાઈલ વંદે ભારત એક્સપ્રેસમાં કોચની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલમાં હંગામી ફેરફાર સાથે તેમાં પણ વધારાનો કોચ જોડવામાં આવશે.

રેલવેના સત્તાવાર વર્તુળોના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 22962/61 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ અત્યાર સુધી 16 કોચ સાથે દોડતી હતી. જોકે, ટેકનિકલ કારણોસર હવે આ ટ્રેનમાં 4 વધારાના કોચ ઉમેરીને તેને 20 કોચની બનાવવામાં આવી છે. આ સુધારો 1 એપ્રિલ 2026 થી 27 એપ્રિલ 2026 સુધી અમલમાં રહેશે., ટ્રેન નંબર 12933/34 મુંબઈ સેન્ટ્રલ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ આગામી 1 એપ્રિલથી 27 એપ્રિલ સુધી મુંબઈ સેન્ટ્રલ ને બદલે બાંદ્રા ટર્મિનસ (BDTS) થી ઓપરેટ થશે.બાંદ્રા ટર્મિનસ થી આ ટ્રેન બપોરે 13:55 કલાકે ઉપડશે અને પરતમાં 12:30 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.આ ટ્રેનમાં પણ મુસાફરોની સુવિધા માટે એક વધારાનો AC ચેરકાર (LWSCZAC) કોચ જોડવામાં આવ્યો છે, જેનાથી કુલ કોચની સંખ્યા 21 થી વધીને 22 થશે. બોરીવલી અને વટવા વચ્ચેના ટ્રેનના સમયમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને આ ફેરફારો ની નોંધ લઈ સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

4 એપ્રિલથી આરટીઈ હેઠળ ધો.1માં મફત પ્રવેશ પ્રક્રિયા શરૂ

4થી 17 એપ્રિલ દરમિયાન ઓનલાઈન ફોર્મ ભરાશે

1 જૂન સુધી 6 વર્ષ પૂર્ણ કરનારાં બાળકોને પ્રાથમિકતા

સુરતઃ રાજ્યમાં નબળા અને વંચિત વર્ગના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે હેતુથી આરટીઈ એક્ટ-2009 હેઠળ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે ધોરણ 1 માં મફત પ્રવેશની પ્રક્રિયા જાહેર કરવામાં આવી છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલા આ જાહેરાત મુજબ, ખાનગી અને બિનઅનુદાનિત પ્રાથમિક શાળાઓમાં 25 ટકા બેઠક પર વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

આ પ્રવેશ માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા ૪ એપ્રિલથી શરૂ થઈ ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. વાલીઓએ નિર્ધારિત વેબસાઈટ પર જઈને અરજી ફોર્મ ભરવાનું રહેશે. અરજી કરતી વખતે જરૂરી તમામ દસ્તાવેજો સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે અને ફોર્મની પ્રિન્ટ પોતાના રેકોર્ડ માટે રાખવાની રહેશે. પ્રવેશ માટેના માપદંડ મુજબ, જે બાળકો ૧ જૂન ૨૦૨૬ સુધીમાં ૬ વર્ષ પૂર્ણ કરી ચૂક્યા હશે, તેમને અગ્રતા ક્રમમાં સ્થાન આપવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રાખવામાં આવી હોવાથી પારદર્શિતા અને સરળતા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અરજી દરમિયાન વાલીઓએ બાળકનો જન્મ તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિનો દાખલો, આવકનો દાખલો, આવકવેરા રિટર્ન (જો લાગુ પડે) અથવા સેલ્ફ ડિક્લેરેશન સહિતના આધાર પુરાવા અપલોડ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો યોગ્ય અને સચોટ હોવા જરૂરી છે.

કેટલાક વર્ગનાં બાળકોને ખાસ પ્રાથમિકતા આપવામાં આવશે

- » અનાથ બાળકો તથા સંભાળ અને સુરક્ષા જરૂરીયાત ધરાવતા બાળકો
- » બાળ ગૃહમાં રહેતા અને બાળ મજૂર તરીકે કાર્યરત બાળકો
- » સ્થળાંતરિત મજૂરોના બાળકો
- » દિવ્યાંગતા ધરાવતા અથવા ખાસ જરૂરિયાતવાળા બાળકો
- » સેરેબ્રલ પાલ્સી અને માનસિક અક્ષમતા ધરાવતા બાળકો
- » એઆરટી (એન્ટી રેટ્રોવાયરલ થેરાપી) હેઠળ સારવાર લેતા બાળકો
- » ફરજ દરમિયાન શહીદ થયેલા સૈનિક, અર્ધસૈનિક અને પોલીસ કર્મચારીઓના બાળકો
- » એકમાત્ર સંતાન તરીકે દીકરી ધરાવતા કુટુંબોના બાળકો
- » સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો
- » એસસી, એસટી, એસઈબીસી અને બીપીએલ પરિવારોના બાળકો

180 હેક્ટર જંગલમાં ચોમાસા પૂર્વે જ વૃક્ષારોપણની તૈયારી

ઉમરપાડામાં વનવિભાગ દ્વારા ખાડા ખોદવાની અને એલાઈમેન્ટ નિશાન કરવાની કામગીરી તેજ

સુરતઃ ઉમરપાડામાં ચોમાસા પૂર્વે વનવિભાગ દ્વારા જંગલ વિકાસ માટે એડવાન્સ તૈયારીની કામગીરી તેજ કરવામાં આવી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવે છે, જેને ધ્યાનમાં રાખીને જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન પૂર્વ તૈયારીઓ કરવામાં આવે છે.

ઉમરપાડા રેન્જના આર.એફ.ઓ. અનિલ પટેલના જણાવ્યા અનુસાર, જંગલ વિસ્તારમાં વૃક્ષારોપણ સુચારૂ રીતે થઈ શકે તે માટે 3 બાય 3 મીટરના અંતરે ચુનાથી એલાઈમેન્ટ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા દરેક રોપાને યોગ્ય જગ્યા મળી રહે છે અને વૃદ્ધિમાં અવરોધ ન આવે તે સુનિશ્ચિત થાય છે. આ પછી 30×30 સેન્ટીમીટરના માપના ખાડાઓ લાઈનદોરીમાં ખોદવામાં આવે છે. આ ખાડાઓ ખોદવાના અનેક ફાયદા છે. વનવિભાગ દ્વારા ઉમરપાડા વિસ્તારમાં આશરે 180 હેક્ટર જમીન પર આવી એડવાન્સ કામગીરી કરાઈ રહી છે.

જમીનના બેક્ટેરિયાનું પ્રમાણ ઓછું થાય છે

વિશેષમાં, જમીનમાં રહેલા બિનજરૂરી બેક્ટેરિયાનું પ્રમાણ પણ આ પ્રક્રિયા દ્વારા ઓછું થાય છે, જેના કારણે રોપાઓને સારી વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ મળે છે. ચોમાસા દરમિયાન આ તૈયાર કરેલા ખાડાઓમાં વૃક્ષારોપણ કરવાથી કામગીરી સરળ બને છે અને છોડની વૃદ્ધિ ઝડપથી થાય છે.

નવી દિશામાં શિક્ષણ: પાઠ્યપુસ્તકોમાં 13 વર્ષ બાદ મોટો સુધારો

પ્રોગ્રામિંગ ભાષા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા વિષયોનો સમાવેશ

2026-27થી 32 નવા પાઠ્યપુસ્તકો સાથે આધુનિક અભ્યાસક્રમ, ધો.9 અને 11માં નવીનીકરણ

સુરતઃ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આવનારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધો.૧થી ૧૧ સુધીના અભ્યાસક્રમમાં મોટા પાયે ફેરફારો કરાયા છે. કુલ ૩૨ નવા પાઠ્યપુસ્તક અમલમાં આવશે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને પ્રોગ્રામિંગ ભાષા જેવા વિષયોનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓને ભવિષ્યમુખી શિક્ષણ આપવા દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે. ધોરણ ૯ અને ૧૧માં છેલ્લે વર્ષ ૨૦૧૩-૧૪માં પાઠ્યપુસ્તકો બદલાયા હતા. ૧૩ વર્ષ બાદ આ ધોરણોમાં નવા પુસ્તકો રજૂ કરાયા છે. ધોરણ ૨માં 'વાચનમાળા' (ગુજરાતી પ્રથમ, દ્વિતીય ભાષા), ધોરણ ૩માં 'ગણિત મેળો' અને 'આપણી અદભૂત દુનિયા' (પર્યાવરણ) આ પુસ્તકો બાળકોમાં વાંચન, તર્કશક્તિ વિશે સમજ વધારવા માટે રચાયા છે. આ તમામ નવા પાઠ્યપુસ્તકો માત્ર ગુજરાતી માધ્યમ પૂરતા મર્યાદિત નથી. અંગ્રેજી માધ્યમમાં પણ સમાન રીતે ૩૨ પુસ્તકો લાગુ થવશે. ધો.૩માં 'Santoor', 'Maths Mela' અને 'Our Wonder World' જેવા પુસ્તકો પણ ઉમેરાયા છે.

માધ્યમિક સ્તરે સાયન્સ-ટેક્નોલોજીનો સમાવેશ

ધો.૬માં 'ગણિત પ્રકાશ', 'વિજ્ઞાનમાં કુતુહલ' જેવા નવાં પુસ્તકો ઉમેરાયા છે. આ સાથે અંગ્રેજી માધ્યમમાં પણ લાગુ થશે. ધો.૯ અને ૧૧માં કોમ્પ્યુટર વિષયનો સમાવેશ કરી પ્રોગ્રામિંગ-ડિજિટલ સ્કિલ્સ પર ભાર મુકાયો છે.

ગીતા આધારિત પાઠ્યક્રમ

ધોરણ ૭ અને ૮માં અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં 'શ્રીમદ ભાગવદ ગીતા'ના મૂલ્યો આધારિત પાઠ્યપુસ્તકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મોદી 31 માર્ચે સાણંદમાં સેમિ કન્ડક્ટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે

ગાંધીનગરમાં જૈન હેરિટેજ મ્યુઝિયમનું લોકાર્પણ કરશે

ગાંધીનગર : ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની નેમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 31 માર્ચે ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. આ મુલાકાત રાજ્યના ઔદ્યોગિક નકશાને બદલી નાખનાર સેમિકન્ડક્ટર પ્લાન્ટથી લઈને આધ્યાત્મિક વારસાને જાળવતા આધુનિક મ્યુઝિયમ સુધીના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ સાથે વિકાસ અને વારસાનો અનોખો સંગમ સાબિત થશે. પીએમ મોદીના પ્રવાસની શરૂઆત સવારે 9:45 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આગમન સાથે થશે. આધ્યાત્મિક વિરાસત ગાંધીનગરના કોબા તીર્થ ખાતે તેઓ 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરશે.

બપોરે 12:30 કલાકે સાણંદમાં 'Kaynes Semicon' પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.

પીએમ મોદીનો મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ

09:45 AM: અમદાવાદ એરપોર્ટ આગમન.
10:30 AM: કોબા તીર્થ (ગાંધીનગર) - મ્યુઝિયમ લોકાર્પણ.
12:30 PM: સાણંદ - સેમિકન્ડક્ટર પ્લાન્ટ ઉદ્ઘાટન.
04:00 PM: ડીસા (બનાસકાંઠા) - જાહેર સભા અને ખાતમુહૂર્ત.
05:30 PM: ડીસાથી સીધા આસામ જવા રવાના.

અનુસંધાન ... પાના છેલ્લાનું

૬.ગુ.ના 3...

પણ એનું કોઈ પરિણામ આવ્યું નથી. સરકારે જામનગર રિફાઈનરીમાં જ્યાંથી ગેસ સપ્લાય થાય છે, ત્યાં જ સરકારી ગેસ એજન્સીને જથ્થો લઈ લેવા બેસાડી દીધી છે. સામાન્ય દિવસોમાં જ્યાં 4000 મેટ્રિક ટન ગેસ સપ્લાય થતો ત્યાંથી હવે 10,000 મેટ્રિક ટન ગેસની સપ્લાય સરકારી પેટ્રોલિયમ કંપનીઓ લઈ રહી છે.

સુરત શહેરના...

છે અને સુરત ગ્રામ્યમાં 6 પીઆઈની બદલી કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા આચારસંહિતા લાગુ કરવામાં આવે તે પૂર્વે જ રાજ્ય સરકારે આ આક્રમક નિર્ણય લીધો છે. વર્ષોથી એક જ સ્થળે અથવા હોમ ડિસ્ટ્રિક્ટમાં ત્રણ વર્ષથી જામી પડેલા અધિકારીઓને હટાવીને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવાના આશયથી આ 'સર્જિકલ સ્ટ્રાઈક' કરવામાં આવી હોય તેમ જણાય છે. એકસાથે 518 PI ની બદલી કરીને DGPએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ફરજમાં કોઈપણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં આવશે નહીં. આ બદલીઓમાં ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારો અને મોટા શહેરોમાં નવા અને કડક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ બદલીના ઓર્ડરમાં એવા પણ ઘણા અધિકારીઓનો સમાવેશ થાય છે જેઓ લાંબા સમયથી વિવાદોમાં રહ્યા હતા અથવા જેમના વિસ્તારમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું હતું. DGPના આ કડક વલણે સાબિત કરી દીધું છે કે ખાખીના જોરે પોતાની મનમાની ચલાવતા અધિકારીઓ માટે હવે દિવસો ક્પરા છે. સમગ્ર બદલીમાં સુરત શહેરના પણ 45 જેટલા પીઆઇનો સમાવેશ થાય છે. જ્યારે શહેરમાં નવા 37પીઆઈ નિમણૂક કરવામાં આવી છે. સુરત ગ્રામ્યમાં 6 પીઆઈની પણ બદલી કરવામાં આવી છે. અગાઉ સુરત શહેરમાં ફરજ બજાવી ચૂકેલા પીઆઈ એસ. જી ભાટીયાની પણ અમદાવાથી સુરત ગ્રામ્યમાં બદલી કરવામાં આવી છે.

સુરત શહેરથી...

શહેરથી ભાવનગર

- ડી.ડી. ચૌહાણઃ સુરત શહેરથી પોરબંદર
- કે.એ. ચાવડાઃ સુરત શહેરથી ગીર સોમનાથ
- વી.એ. જોગરાણાઃ સુરત શહેરથી સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ
- એમ.કે કામલિયા અને જે.આર ચૌધરી સુરતથી નવું શરૂ થયેલું યુનિટ સી.ડી.ઓ માં અન્ય મળી કુલ 45 પીઆઇને બદલી કરવામાં આવી

ચેકઈન વખતે...

(રહે. સતારા, મહારાષ્ટ્ર)ને એરલાઈન સ્ટાફે જ્યારે બેગમાં કોઈ પ્રતિબંધિત વસ્તુ છે કે નહીં તે અંગે પૂછ્યું ત્યારે તેણે 'ચેક-ઈન બેગમાં નાનો બોમ્બ છે' એવી ટિપ્પણી કરી હતી.

સ્ટાફે તાત્કાલિક સ્પષ્ટતા માંગતા તેણે આ વાતને મજાક તરીકે બતાવી હતી. જોકે, સુરક્ષા નિયમો મુજબ આ વાતને ગંભીરતાથી લેવામાં આવી હતી.

આ ઘટનાને પગલે બોમ્બ થ્રેટ એસેસમેન્ટ કમિટી (BTAC)ને તરત જ એલર્ટ કરવામાં આવી હતી. સાંજે 7:30 વાગ્યે BTACની વર્ચ્યુઅલ બેઠક બોલાવવામાં આવી હતી, જ્યારે 8:00 વાગ્યે ફિઝિકલ બેઠક યોજાઈ હતી. વિગતવાર મૂલ્યાંકન બાદ BTACએ સાંજે 8:35 વાગ્યે આ ધમકીને 'નોન-સ્પેસિફિક' જાહેર કરી અને ફ્લાઇટને રિલીઝ કરવા માટે મંજૂરી આપી હતી.

તે બાદ CISF દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ મુસાફરના સામાનની બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) તેમજ ડોગ સ્ક્વોડની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. ત્યારે પણ સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરતા આ પ્રકારની મજાક ગંભીર ગુનો ગણાતો હોવાથી એરલાઇન દ્વારા મુસાફરને ફ્લાઇટમાંથી ઓફલોડ કરવામાં આવ્યો હતો. હાલ તેને વધુ પૂછપરછ અને કાનૂની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસના હવાલે કરવામાં આવ્યો છે. સુરક્ષા એજન્સીઓએ મુસાફરોને અપીલ કરી છે કે એરપોર્ટ પર આવા પ્રકારની મજાક અથવા ખોટી માહિતી આપવી કડક કાયદાકીય ગુનો છે અને તેના ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

બેગમાં બોમ્બ...

- તપાસનું પરિણામઃ તપાસના અંતે બેગમાંથી કોઈ પણ વિસ્ફોટક કે વાંધાજનક વસ્તુ મળી ન હતી
- કાયદાકીય પગલાંઃ સુરક્ષા એજન્સીઓએ યુવકને ડુમસ પોલીસના હવાલે કર્યો.

SMC પાસે...

દર્શાવાયું હતું કે ખજોદ સાઇટ પર સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું યોગ્ય પાલન થતું નથી અને એર એક્ટ સહિતના નિયમોના ઉલ્લંઘન પણ થઈ રહ્યા છે. છતાંય મેદાન પર અસરકારક કાર્યવાહીનો અભાવ જોવા મળતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. ખજોદ સાઇટ પરથી ઉડતા કાળા ધુમાડાના કારણે શહેરના વાતાવરણ પર ગંભીર અસર થઈ રહી છે.

આવી સ્થિતિમાં હવે સૌની નજર એસએમસીના રિપોર્ટ અને તેના આધારે લેવામાં આવનાર પગલાં પર ટકી છે. જો સમયસર અને કડક કાર્યવાહી નહીં થાય, તો ભવિષ્યમાં વધુ મોટી દુર્ઘટનાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે.

રાજ્યની કુલ...

સુરતના ૮,૬૨૨ પરમિટધારકો રાજ્યમાં બીજા નંબરની સૌથી મોટી સંખ્યા દર્શાવે છે. આ આંકડો સૂચવે છે કે શહેરમાં હેલ્થ અથવા અન્ય કારણસર પરમિટ મેળવવાની માંગ નોંધપાત્ર છે.

વડોદરા ૩,૭૫૪ પરમિટ સાથે ત્રીજા ક્રમે છે, જ્યારે આણંદ (૧,૬૧૧) અને કચ્છ (૧,૫૫૮) જેવા જિલ્લાઓ સુરતથી ઘણી પાછળ છે. બીજી બાજુ, પાટણ (૮૦) અને સાબરકાંઠા (૮૯) જેવા જિલ્લાઓમાં આ સંખ્યા ખૂબ ઓછી છે.

છેલ્લા બે વર્ષના આંકડા દર્શાવે છે કે સુરતમાં નવી પરમિટ માટેની માંગ ઝડપથી વધી રહી છે. સુરતમાં ૧,૨૫૧ નવી પરમિટ જારી થઈ છે. જ્યારે અમદાવાદમાં ૧,૧૪૬ અને વડોદરામાં ૪૫૩ પરમિટ જારી થઈ છે. આથી સ્પષ્ટ થાય છે કે નવા અરજદારોની સંખ્યામાં સુરત અમદાવાદ કરતાં પણ આગળ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

શાંતિ માટેનો...

પોષતી શરતો આગળ વધારવાનો આરોપ લગાવ્યો છે. એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ રોઇટર્સને જણાવ્યું હતું કે તેહરાને પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા આ પ્રસ્તાવની બુધવારે રાત્રે વિગતવાર સમીક્ષા કરી હતી, પરંતુ તેમાં આગળ વધવા માટે જરૂરી મૂળભૂત શરતોનો અભાવ જોવા મળ્યો હતો. ટૂંકમાં, આ પ્રસ્તાવ સૂચવે છે કે ઈરાન પ્રતિબંધો ઉઠાવવાની અસ્પષ્ટ યોજનાના બદલામાં પોતાની રક્ષા કરવાની ક્ષમતા છોડી દે તેમ અધિકારીએ જણાવ્યું હતું. તે એકતરફી અને અયોગ્ય છે, જે માત્ર અમેરિકા અને ઈઝરાયેલના હિતોને પૂરા કરે છે. જો કે, આ તનાવ ઘટાડવાના પ્રયાસો ચાલુ છે, જેમાં તુર્કી અને પાકિસ્તાન, ઈરાન અને અમેરિકા વચ્ચે સમાન ભૂમિકા સ્થાપિત કરવામાં મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તીખા નિવેદનો છતાં, ઈરાને સંકેત આપ્યો છે કે મુત્સદ્દીગીરી સંપૂર્ણપણે અટકી નથી. અધિકારીએ ઉમેર્યું કે, ડિપ્લોમેસી અટકી નથી, અને જો વોશિંગ્ટનમાં વાસ્તવિકતા પ્રબળ બનશે, તો આગળનો રસ્તો હજુ પણ મળી શકે છે. દરમિયાન, ઈરાની સૈન્ય સ્ત્રોતે જણાવ્યું છે કે, ઈરાને કોઈપણ અમેરિકી જમીન આક્રમણનો સામનો કરવા માટે દસ લાખથી વધુ સૈનિકો એકઠા કર્યા છે. તસ્નીમ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, મોટી સંખ્યામાં ઈરાની યુવાનો લડવા માટે જોડાઈ રહ્યા છે. આ અહેવાલ ત્યારે આવ્યો છે જ્યારે ટ્રમ્પે ઈરાનના 'વિચિત્ર' નેતાઓને 'જલ્દી ગંભીર થવા' ચેતવણી આપી છે. પેન્ટાગોન આ યુદ્ધમાં 'અંતિમ પ્રહાર' કરવા માટે લશ્કરી વિકલ્પો તૈયાર કરી રહ્યું છે, જેમાં જમીની દળો તૈનાત કરવા અને મોટા પાયે બોમ્બમારો કરવાનો સમાવેશ થઈ શકે છે.

ટ્રમ્પની જ પાર્ટીના...

ભરાયેલા રિપબ્લિકન સભ્યો બહાર નીકળી ગયા હતા. સેનાની 82મી એરબોર્ન ડિવિઝન અને મરીન સહિત લગભગ 7,000 અમેરિકી જમીની દળો મધ્ય પૂર્વમાં તૈનાત થઈ રહ્યા છે અથવા રસ્તામાં છે - ત્યારે આ યુદ્ધ માટે ટ્રમ્પની ઝડપથી વિકસી રહેલી યોજનાઓ વિશે અટકળો તેજ થઈ છે. સાંસદ નેન્સી મેસ વહેલી બહાર નીકળી ગઈ હતી અને રોષ ઠાલવ્યો હતો કે 'અમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે,' જ્યારે ટ્રમ્પ સમર્થક સમિતિના અધ્યક્ષ માઈક રોજર્સે ચેતવણી આપી હતી કે 'અમને જવાબો મળી રહ્યા નથી.' પેન્ટાગોનના અધિકારીઓએ હાઉસ આર્મ્ડ સર્વિસીસ કમિટીને માહિતી આપી ત્યારે ભારે હોબાળો મચી ગયો હતો.

ઈરાનના અણુ...

કરવા જઈ રહ્યા છીએ. બીજી તરફ, ટ્રમ્પે ખાનગીમાં તેમના સાથીઓ અને કેબિનેટ સભ્યોને જણાવ્યું છે કે તેઓ નથી ઈચ્છતા કે આ યુદ્ધ લાંબો સમય ચાલે. યુદ્ધની શરૂઆતમાં ટ્રમ્પે ૪ થી ૬ અઠવાડિયાની સમયમર્યાદા નક્કી કરી હતી અને તેઓ તે લક્ષ્યાંકને વળગી રહેવા માંગે છે. 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, વ્હાઇટ હાઉસ એવી આશા રાખી રહ્યું છે કે મે મહિનાના મધ્યમાં બેઇજિંગમાં ચીની નેતા શી જિનપિંગ સાથે ટ્રમ્પની નિર્ધારિત મુલાકાત થાય તે પહેલાં આ યુદ્ધ સમાપ્ત થઈ જાય. વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ મલ્ટી-ટાસ્કિંગમાં અસાધારણ કુશળતા ધરાવે છે અને એકસાથે અનેક પડકારો પર કામ કરી રહ્યા છે. પ્રમુખ અત્યારે આતંકવાદી ઈરાની શાસન વિરુદ્ધના સૈન્ય ઉદ્દેશ્યોને પૂર્ણપણે પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. પ્રમુખનું એકમાત્ર લક્ષ્ય હંમેશા વિજય હોય છે.

હોર્મુઝની સામુદ્રધુની...

ઓપરેશનને અમારા અને અમારા સાથી અમેરિકા વચ્ચેના સહકારનું વધુ એક ઉદાહરણ ગણાવ્યું હતું, જે આપણા સહિયારા યુદ્ધના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે છે. ગુરુવારે ઈરાન અને લેબનોન તરફથી થયેલા મિસાઈલ મારો, રોકેટ અને ડ્રોન હુમલાઓને કારણે સમગ્ર ઈઝરાયેલમાં સાયરન ગુંજી ઉઠ્યા હતા, જેના કારણે બપોર સુધીમાં લોકોને અનેકવાર શેલ્ટરમાં આશરો લેવો પડ્યો હતો. તબીબી અને બચાવ સેવાઓએ અહેવાલ આપ્યો છે કે ગુરુવારે થયેલા આ હુમલાઓમાં ઈઝરાયેલમાં ઓછામાં ઓછા દસ લોકો ઘાયલ થયા છે અને દેશભરમાં અનેક સ્થળોએ નુકસાન થયું છે.

ઈરાને ભારતને...

કહ્યું કે, આંતરરાષ્ટ્રીય ગેરંટી 100 ટકા ભરોસાપાત્ર હોતી નથી. અમે જે આંતરિક ગેરંટી જાતે ઊભી કરી છે તેના દ્વારા હવે કોઈ પણ ઈરાની લોકો સાથે યુદ્ધ કરવાની હિંમત કરશે નહીં.

દાનમાં ભાજપનો...

20,000 થી વધુનું કુલ દાન 11,343 યોગદાનો દ્વારા રૂ. 6,648.563 કરોડ રહ્યું હતું. આમાંથી ભાજપને એકલાને 5,522 દાનો દ્વારા રૂ. 6,074.015 કરોડ મળ્યા છે, ત્યારબાદ કોંગ્રેસને 2,501 દાન દ્વારા રૂ. 517.394 કરોડ પ્રાપ્ત થયા છે. રિપોર્ટમાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે ભાજપનું જાહેર કરાયેલું દાન આ જ સમયગાળા માટે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી (AAP), કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (CPI-M) અને નેશનલ પીપલ્સ પાર્ટી (NPEP) ના સંયુક્ત કુલ દાન કરતા દસ ગણા કરતા પણ વધુ છે. બીજી તરફ, બહુજન સમાજ પાર્ટી (BSP)એ જાહેર કર્યું છે કે તેને રૂ. 20,000થી વધુ રકમનું કોઈ દાન મળ્યું નથી, જે તે છેલ્લા 19 વર્ષથી કહી રહી છે. એકંદરે, 2023-24 ની સરખામણીમાં 2024-25 માં રાષ્ટ્રીય પક્ષોને મળતા દાનમાં રૂ. 4,104.285 કરોડનો વધારો થયો છે. ભાજપના ભંડોળમાં અગાઉના નાણાકીય વર્ષના રૂ. 2,243.947 કરોડથી 171 ટકાનો ઉછાળો આવ્યો છે. કોંગ્રેસના દાનમાં 84 ટકાનો વધારો થયો છે, જે 2023-24 માં રૂ. 281.48 કરોડ હતું તેના પરથી વધીને 2024-25 માં રૂ. 517.394 કરોડ થયો છે. અન્ય પક્ષોમાં, AAPને રૂ. 27.044 કરોડ (244 ટકાનો વધારો) અને NPEP ને રૂ. 1.943 કરોડ (1,313 ટકાનો વધારો) મળ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ટોચના દાતાઓમાં, પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટે ભાજપ, કોંગ્રેસ અને AAP ને મળીને કુલ રૂ. 2,413.465 કરોડનું દાન આપ્યું છે. આમાંથી રૂ. 2,180.7119 કરોડ ભાજપને, રૂ. 216.335 કરોડ કોંગ્રેસને અને રૂ. 16.4178 કરોડ AAP ને આપવામાં આવ્યા હતા. પ્રોગ્રેસિવ ઈલેક્ટોરલ ટ્રસ્ટે બે દાન દ્વારા રૂ. 834.97 કરોડ, AB જનરલ ઈલેક્ટોરલ ટ્રસ્ટે 16 દાન દ્વારા રૂ. 621 કરોડ અને ન્યુ ડેમોક્રેટિક ઈલેક્ટોરલ ટ્રસ્ટે સાત દાન દ્વારા ભાજપ અને કોંગ્રેસને રૂ. 155 કરોડ આપ્યા હતા. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પ